# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૯ • તા.૨૫ માર્ચ થી ૩૧ માર્ચ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**



Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આપણી કૂપમંડૂક અવસ્થા

પ્રકૃતિનું સર્જન પ્રભુએ કર્યું છે. વિવિધ તરેહના જીવ જંતુઓ, પ્રાણી, પશુઓમાં જીવ રોપી નદી-પહાડો, વૃક્ષ-વનરાઈ જંગલોમાં છૂટા છોડી દીધા છે. તે સાથે કર્મનું બંધન જોડી દીધું છે. સારૂં કરો અને સારૂં પામો. આમાંથી માત્ર માનવજીવને બુધ્ધિને વિચાર શક્તિનું વરદાન આપ્યું છે. જેથી ડગલેને પગલે જાણી સમજીને પોતાના કર્મ બાંધી શકે.

પ્રભુએ આપણને મબલખ આપ્યું છે પણ એમાં પણ આપણને સંતોષ નથી. હજી ઓછું છે, અધરું છે, કંઈક ખૂટે છે ની તરસથી ફાંફાં મારીએ છીએ. કુદરતે જે સોહામણી સૃષ્ટિ આપી છે તે છોડીને કૃત્રિમ રીતે જીવીએ છીએ. પ્રકૃત્તિએ આપેલા સોહામણા સર્જનોને ઉપહાસ કરી તેનો દાટવાળીએ છીએ. પછીએ વન્ય સૃષ્ટિ હોય, સૂર્ય પ્રકાશ હોય, વાતાવરણની શુધ્ધતા હોય કે વરસાદનું પાણી હોય. આ દરેકને સાચવી એનું સંવર્ધન કર્યા વગર વેડફાટ કરીએ છીએ. એના માળખાનું, એના તત્વોનું સમૂળગું નાશ થાય એવા પ્રયત્નો કરીએ છીએ. દંભ, માન, અભિમાન સાથે પૂર્વગ્રહના કોચલામાં આપણે સૌ એકલાં જીવી રહ્યાં છીએ.

દરેકને પોતાનું અહંમ સંતોષવું છે. પોતાની જાતને બીજાથી અદકેરા માનીને દરેકને તુચ્છકારીએ છીએ. કોઈ આપણાથી આગળ નીકળી જાય એટલે ઈર્ષાથી બળી જઈએ છીએ. કોઈ આપણા વિચારને વાતને ગણકારે નહીં તો આપણે તેના વેરીની જેમ વર્તીએ છીએ. માન-સન્માન કે ગમતીલું પદ ન મળે તો આપણું મોઢું વંકાઈ જાય છે. હું કાંઈક છું તેવો ખ્યાલ જ ખરેખર દુ:ખનું કારણ છે. આપણને માન સન્માન મળે એ ખરેખર તો ધન, પદ અને સતા કે સંબંધને કારણે મળે છે પણ આપણે ફૂલીને મળતું સન્માન આપણું છે અને એ શાશ્વત રહેશે એવા ગુમાનમાં જીવીએ છીએ. માન, સન્માનના કારણો ન રહે ત્યારે જે સામેવાળાના મનમાં હોય એ હકીકતમાં આપણો એ કમાયેલો સંબંધ છે બાકી બધા દેખાડા, દંભ છે. મોટા ભાગના સંબંધો સ્વાર્થના હોય છે. સ્વાર્થ હોય ત્યારે દૂરના સગા પણ નજીક આવી ઈર્દ ગિર્દ ધૂમતા રહે છે. જેવો સ્વાર્થ પૂરો થયો કે પડતીના દિવસો આવ્યા કે નજીક આવેલા દૂર ભાગવા દોટ મૂકે છે.

ઈશ્વરએ અકળ લીલા ભર્યા સંસાર વચ્ચે આપણને મૂક્યો છે. આપણે તો ઈશ્વરે રચેલી મહાવિશાળકાય સૃષ્ટિના અંશ માત્ર છીએ. તેને જાણવું સમજવું આપણા માટે અતિ મુશ્કેલ છે. અકળ ગૂઢ છે. આપણો અહં, અહંકાર સૃષ્ટિની સારી ને સાચી પરિસ્થિતિથી અજાણ રાખે છે અને અજ્ઞાનના ચકરાવામાં ચડાવી દે છે. મારા જેવું કોઈ નથી એવો ખ્યાલ આપણે સતત પોષતા રહીએ છીએ આ ઊંડા કૂવામાં વસતા દેડકા જેવી હાલત છે. જ્યારે કૂપમંડૂક પરિસ્થિતિમાંથી બહાર પડીએ છીએ ત્યારે જ સાચો ખ્યાલ આવે છે કે ધસમતા પાણીના પ્રવાહમાં આપણી હાલત તો તૃણના નાના તણખલા જેવી છે. જેનું કંઈ વજન નથી ને વજૂદ પણ નથી. જીવનનું સાચું અસ્તિત્વ પ્રેમ, મૈત્રી, સત્ય, સંપ, સંવાદિતતા, ભલમનસાઈ અને પરિશ્રમના મિશ્રણ જેવી છે. આ હકીકત જેટલી જલદી સમજાય એટલી સભાનતા આપણે રાખીએ.

– જય જ્ઞાતિમૈયા

# ઉચ્ચ અને આદર્શ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા

સંયુક્ત શબ્દમાં જ સુંદરતા સભ્યતા અને સ્નેહ દર્શાય છે. એ સંભળાય એટલે અલૌકિક અનુભૂતિ થાય. સંયુક્ત એટલે જ એક હૃદયનું બીજા હૃદય સાથેનું જોડાણ. ભારતમાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા પ્રાચીન કાળથી ચાલી આવી રહી છે. સંયુક્ત પરિવાર એટલે એક છત હેઠળ એક કરતાં વધુ પેઢીના સભ્યો સાથે રહેતાં હોય. દાદા-દાદી, પિતા-માતા અને પુત્ર-પુત્રી સાથે ક્યારે કાકા-કાકી પરિવારમાં સામેલ હોય. ભારતનો ઉચ્ચ આદર્શ કુટુંબનો આ વારસો દિવસો દિવસે લુપ્ત થઈ રહ્યો છે. આજે સંયુક્ત પરિવાર ગોતવા પડે એવી હાલત છે. આજે નવી પેઢી પશ્ચિમ સંસ્કૃતિને ચાળે ચડી સ્વતંત્રા અને સ્વછંદતા ઝંખે છે. વડીલોનું કહ્યું માનવું એ આ પેઢી વિસરી ગઈ છે. જૂની પેઢીના વડીલોનું શિક્ષણ ભલે ઓછું હોય પણ સમજણ અને એનું શાણપણ ઉચ્ચ દરજ્જાનું હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સંયુક્ત પરિવારના એક લાભ હોય છે. નાના બાળકો ગમે તેટલી સંખ્યામાં હોય વડીલોની સાર સંભાળમાં ઉછેરાઈ મોટા ક્યારે થઈ જાય છે તે ખબર પડતી નથી. બચપણથી શિસ્ત, સમજણ અને ધર્મનું જ્ઞાન મેળવે છે. સંતાનો આપસમાં સુમેળતાથી અને સંપભેર રહેવાની સમજણ કેળવી લે છે. નોકરી કરતા માતા પિતાની આખા દિવસની ગેરહાજરી પણ બાળકોને નડતી નથી. સંયુક્ત કુટુંબ આમ આદર્શ બેલી સીટિંગની ગરજ પૂરી પાડે છે. કૌટુંબિક, આર્થિક કે શારીરિક મુશ્કેલીઓ પણ એકમેકના સાથ હૂંફ અને હૈયા ધારણાના મોજા વચ્ચે કટોકટી આસાનીથી પાર થઈ જાય છે. ધંધો રોજગાર, નોકરીમાં આવતી નાણાંકીય ભીડનો સમય પરિવાર સભ્યોના સાથથી સરળતાથી પસાર થઈ જાય છે.

જેટલો મોટો પરિવાર એટલી મોટી ટીમ. ઘરના દરેક કામનો બોજો કુટુંબના સભ્યો વચ્ચે વહેંચાઈ જાય છે. કુલ્લ ઘર ખર્ચ પણ દરેક પુરૂષ સભ્યો વચ્ચે વહેંચાઈ જાય છે. કુલ્લ ઘર ખર્ચ પણ દરેક પુરૂષ સભ્યો સરખે ભાગે ભોગવી લે છે. કોઈને ધંધામાં મંદી હોય, નોકરી છૂટી ગઈ હોય એ પરિસ્થિતિમાં પણ દરેકની સાચવણી અને સંભાળ પણ સરળતાથી થઈ જાય છે.

સંયુક્ત કુટુંબના ફાયદાઓ સાથો સાથ તેના ગેરફાયદાને પણ નજર અંદાજ ન કરી શકાય. પરિવારના સભ્યો ખાસ કરીને મહિલા સભ્યોના માન સ્વમાન અને અહમનો ટકરાવ, મોઢામાંથી નીકળતા કડવા વેણ તાતા તીરની જેમ એકબીજાને વીંધે નહીં એની કાળજી કરવી જરૂરી હોય છે. આ મુદ્દો મહત્વનો અંગ થઈ શકે છે. સાસુ, વહુ, નણંદ, ભોજાઈ, કાકા બાપાના સંતાનો, દેરાણી જેઠાણીના ખટરાગ જો જલદી ન શમે તો એની ઝાળ પરિવાર વડીલો અને પુરૂષ સભ્યોને ઝટ જાલી લે છે. રસોઈ બનાવવા, સાફ સફાઈ કરવાનું કામ, વાસણ ઉટકવા જેવા નાના મોટા કામને લીધે પરિવારના સ્ત્રી સભ્યોમાં મન મુટાવ થઈ જાય છે. નાની એવી તિરાડ પરિવારની શાંતિમાં મોટી ખલેલ પહોંચાડી દે છે. સંતાનો અને સ્ત્રી સભ્યો વચ્ચે નાની મોટી વાતોથી સર્જાતુ કંકાસ ક્યારે નાની ચિંગારીથી મોટી ઝાળ બની પરિવારના શાંત, સુખી માહોલને સ્વાહા કરી જાય છે.

આજે ભલે સંયુક્ત કુટુંબ અસ્તાચલ ભણી થઈ રહ્યાં છે પણ આ પ્રથા એક આદર્શ, ઉચ્ચ અને ભવ્ય પરંપરા બની રહી હતી એ હકીકત ભૂલાય નહીં.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન









ગુડીપડવાના શુભ દિવસે તા.૨૨ માર્ચના બપોરે ૪.૦૦ વાગ્યાથી શ્રી ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી ઘાટકોપર મધ્યે ખૂબજ ધામધૂમથી રંગેચંગે ઉજવાઈ હતી. આ પહેડીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર હ.શ્રીમતી હસુમતીબેન હીરાલાલ હંસરાજ ડાઘાએ લાભ લીધો હતો.

પહેડીની શરૂઆત શ્રી નવકાર મંત્રના પઠન સાથે દાદાની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ તિલક, હાર પહેરાવી અને કલશની સ્થાપના કરી, જ્યોત પ્રાગટ્ય ઢોલ શરણાઈના તાલે ખુબજ ઊત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.

પરિવારજનો વાજતે ગાજતે પહેડી લઈ આવ્યા હતા અને દાદા સામે પહેડી જાુહારી હતી. સૌ કુટુંબીજનોએ ઉત્સાહપૂર્વક ધુપ દીપ કરી દાદાને વંદન કર્યા હતા. ત્યારબાદ પ્રથમ આરતી કરવામાં આવી હતી.

ઘાટકોપરમાં ઘણા સમય પછી પહેડી થતી હોવાથી ભાવિકોમાં અલગ જ જોશ અને ઉત્સાહનો માહોલ સર્જાવ્યો હતો. ભાવિકો શિસ્તબધ્ધ રીતે દર્શન કરી રહ્યા હતા. ત્યારબાદ ભાવિકોએ દડિયાપ્રસાદનો લાભ લઈ રહ્યા હતા.

જયંતભાઈએ સર્વે ભાવિકોને આવકાર્યા હતા અને કોરોના કાળ બાદ જે લાલપુર સ્થાનક અને મુંબઈની સમૂહ પહેડી બાબતે જાણકારી આપી હતી અને લાલપુર સ્થાનક પરના દાદાશ્રીના લાઈવ દર્શન હમણાં લઈ શકીએ છીએ તેની વિસ્તૃત





# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન






જાણકારી આપી હતી.

આ પહેડીમાં કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા, શામજી નરશી દંડ, જયંત વિસનજી છેડા અને પંકજ ટોકરશી ખોનાએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કોરોના કાળ દરમ્યાન સ્થાનકને થયેલ નુકસાનનો એક સદ્‌ગૃહસ્થ વ્યક્તિએ સમારકામ, કલરકામ






# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન








સ્વખર્ચે કરાવી આપ્યું હતું એટલા માટે ટ્રસ્ટએ એની ખૂબ અનુમોદના કરી હતી. છેલ્લા બે વર્ષથી કુંવરજી હરશી લોડાયા અને ભરત પદમશી મોતા પરિવારે સંપૂર્ણ બે વર્ષ દરમ્યાન સ્થાનકને અનાજ મોકલ્યું હતું તે માટે બન્ને પરિવારોનું પણ




# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન









સન્માન કર્યું હતું. આ વર્ષે ભલારાદાદા ટ્રસ્ટ એ છેલ્લા બે વર્ષથી તનતોડ મહેનત કરનાર સર્વ સ્ટાફ ભાઈઓની પણ વિશેષ અનુમોદના કરી હતી.

દાદાશ્રીનો પ્રભાવ વધતા અને લાલપુર રેગ્યુલર શ્રાવકો જાય છે તેને ધ્યાનમાં લઈ આ વર્ષથી શ્રાવકોને વાર્ષિક પૂજાનો લાભ આપવાનો ટ્રસ્ટએ જાહેર કર્યું હતું. જેમાં પક્ષાલ પુજા, ધુપ પૂજા, પહેડી પ્રસાદ, આરતી, નવગ્રહ પૂજા તથા ક્ષેત્રપાલ દાદાની આરતીમાં વિવિધ લાભાર્થીઓને લાભ લીધો હતો.

જેમાં પક્ષાલ, ધૂપ, પહેડી પ્રસાદ અને આરતીનો લાભ એક સદ્‌ગૃહસ્થ પરિવારે લીધો હતો. દર શુક્રવારે દર્શન કરવા આવતા લાલપુર ગામવાસીઓ માટે ભાથું (પ્રભાવના) તેમજ ક્ષેત્રપાલ દાદા પૂજા તથા શ્રી નવગ્રહ પૂજા ત્રણ પરિવારોએ મળીને લાભ લીધો હતો. જેમાં માલતીબેન જયંતભાઈ સોની, કલ્પનાબેન શામજી દંડ તથા જયાબેન વિરચંદ સોની લાભાર્થી બન્યા હતા. તિલક પૂજા, અંબા હેવી લીફટર્સ અને અંબા શીપીંગ એજન્સી હીરાલાલ ડાઘા લાભાર્થી બન્યા હતા.



# ઘાટકોપર મુકામે ભલારાદાદાની ૩૩મી સમૂહ પહેડી સંપન્ન






અખંડ દિપક માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયાએ લાભ લીધો હતો.

ટ્રસ્ટ એ અન્ય એક સ્કીમ જાહેર કરી હતી કે જે તે એક વર્ષ માટેના નિભાવ ફંડ માટે રૂા.૧૧000/-નો નકરો છે એમ જાહેર કર્યું હતો. જેમાં માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારએ ૧૧ નામ લખાવ્યા હતા, ચિત્રાબેન રમેશ ધરમશી, અશ્વિન મણીલાલ ખોના, ચેતનાબેન દેવશી શાહ (લોડાયા), રજનીબેન હંસરાજ ડાઘાએ એક એક નામ લખાવ્યા હતો.



ચેતના હરીયા એન્ડ પાર્ટીએ સંપૂર્ણ પહેડીમા નવા નવા સ્તવન તેમજ ભજનો સાથે ધૂમ મચાવી હતી. ફોટોગ્રાફી ભલારા ફોટોએ કર્યું હતું. સ્થાનિક વ્યવસ્થા ભલારા પુનમ મંડળે સંભાળી હતી.

સાંજે ૮.૩૦ વાગે દાદાની દ્વિતીય આરતી ચેતના હરીયા એન્ડ પાર્ટી સાથે હંસકુમાર મૈશેરી પણ જોડાયા હતા.










# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | CAR LOAN | eAUTO LOAN |
|---|---|---|
| *7.49% (p.a.) | *7.49% (p.a.) | *7.49% (p.a.) |

| GOLD LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY | TRADE LOAN |
|---|---|---|---|
| *7.70% (p.a.) | *7.75% (p.a.) | *7.75% (p.a.) | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# નાસિકમાં ભલારાદાદાની સમૂહ પહેડી સંપન્ન







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સેવાભાવી સંસ્થા નાસિકની કારોબારી સમિતિ દ્વારા જણાવાનું હતું કે દિવસે દિવસે કચ્છી દશા ઓસવાલની વસ્તી વધતા ત્યાંના સર્વ જ્ઞાતિજનોએ ભલારાદાદાની પહેડી કરવાનું વિચાર કર્યો હતો. ગુડી પડવા તા. ૨૨ માર્ચ બુધવારના શુભ દિવસે સ્વામિનારાયણ હોલ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, ન્યુ આડગાવ નાકા, પંચવટી, નાસિક ખાતે ધામધૂમપૂર્વક સમૂહ પહેડીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ પ્રથમ સાંજના ૫:૩૦ વાગે સર્વ ભાવિકો ગાજતે વાજતે સમૂહ પહેડી બધા ભાવિકો એ દાદાને પહેડી ચઢાવી હતી. પ્રથમ આરતી સાંજે ૬:૩૦ વાગ્યા કરવામાં આવી હતી. ત્યારબાદ ૯:૦૦ વાગ્યા સુધી ભાવેશ શાહના મધુર કંઠથી ભલારા દાદાના સ્તવનની રમઝટ માણી ભક્તિ ભાવમાં ડૂબી ગયા હતા. અંતે ૯:૦૦ સર્વ ભાવિકોએ મહા આરતી કરી હતી.







# નાસિકમાં ભલારાદાદાની સમૂહ પહેડી સંપન્ન





શ્વેત કુર્તા પાયજામા પરિધાન કરી દરેક ભાવિકો આવ્યા હતા તેમજ બહેનો બાંધણી-ચણીયા ચોલીમાં સજ્જ થઈ અને દાદાની ભક્તિ કરી હતી. પહેડીમાં દેવલાલીથી લગભગ ૪૦-૪૫ વ્યક્તિઓ તથા બહારગામથી ૨૫ થી ૩૦ વ્યક્તિ હાજર રહી હતી. કુલ ૨૦૦ વ્યક્તિઓએ આ પહેડીનો લાભ લીધો હતો.







|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર




રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. મોબાઈલ : ૮૧૬૦૧ ૦૭૦૭૧

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯


## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

**લાલપુર ગામે ચૈત્ર સુદ તેરસ, ચૌદસ અને પુનમના તા.૪,૫ અને ૬ એપ્રિલ ૨૦૨૩ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.**

### :: કાર્યક્રમ ::

**ચૈત્ર સુદ તેરસ (મંગળવાર, ૪ એપ્રિલ)**

સવારે મહાવીર સ્વામીનો વરઘોડો,

સાંજના પાઠ લાભાર્થી ખ્યાંશ અંકિત દિલીપ લોડાયા પરિવાર

**ચૈત્ર સુદ ચૌદસ (બુધવાર, ૫ એપ્રિલ)**

બપોરના મહાકાળી માતાજીની ભાવના,

સાંજના પાઠ લાભાર્થી દેવાંશ સમીર સામજી દંડ પરિવાર

**ચૈત્ર સુદ પુનમ (ગુરૂવાર, ૬ એપ્રિલ)**

સવારના ધ્વજારોહણ તેમજ સમૂહ પાઠ

### ત્રિદિવસીય ભોજનના લાભાર્થી પરિવાર

**માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર (રાપરગઢ-ભાંડુપ)**

**માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર (કુવાપધ્ધર-હૈદ્રાબાદ)**

**હસ્તે જયશ્રીબેન ભરત પદમશી મોતા**

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# ગોઅરસમા દેરાસરનો ૯૫મો અને બારોઈ દેરાસરનો ૧૬૧મો ધ્વજા મહોત્સવ આનંદ ભાવ સાથે સંપન્ન થયો





ગોએરસમાના શ્રી ચંદ્રપ્રભસ્વામીના દેરાસરનો ૯૫મો ધ્વજા મહોત્સવ તેમજ બારોઈ ગામના શ્રી શાંતિનાથજીના દેરસરજીનો ૧૬મો ધ્વજા મહોત્સવ તા.૦૭/૦૩/૨૦૨૩ અને ૦૮/૦૩/૨૦૨૩ ના પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી સમકિતગુણાશ્રીજી મહારાજ સાહેબ તેમજ પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી રક્ષિતગુણાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં ખૂબ ઉલ્લાસ પૂર્વક યોજાયેલ.



# ગોઅરસમા દેરાસરનો ૯૫મો અને બારોઈ દેરાસરનો ૧૬૧મો ધ્વજા મહોત્સવ આનંદ ભાવ સાથે સંપન્ન થયો



૧૫૦થી વધુ લોકો ધ્વજા મહોત્સવમાં પધાર્યા હતા. ૦૭/૦૩ ના વહેલી સવારે સંગીતના સથવારે અઢાર અભિષેકનો કાર્યક્રમ યોજાયેલ હતો તેમજ તારીખ ૦૮/૦૩ ના રોજ વહેલી સવારે ગોએરસમાના દેરાસરજીનું ધ્વજારોહણ થયું હતું ત્યારબાદ ૧૨.૪૯ ના વિજયમુર્હતે બારોઈ તીર્થની ધ્વજા ચડાવામાં આવેલ.

ગોએરસમા દેરાસરજીની ધ્વજા ચડાવવાનો લાભ શેઠ શ્રી દેવશી કચરા ડાઘા પરિવાર (ગોએરસમા) એ લીધેલ હતું.

બારોઇ તીર્થના દેરાસરની ધ્વજા ચડાવાનો લાભ કાયમી લાભાર્થી પરિવાર શેઠ શ્રી કાંતિલાલ ખીમજી ગોસર (બારોઇ)એ લીધેલ હતું

સંગીતકાર શ્રી કિશોરભાઈ સંગાર તેમજ વિધિકાર શ્રી પ્રવીણભાઈ સાવલા હતા. આમ આ ધ્વજ મહોત્સવ ખૂબ આનંદ ઉત્સાહથી ઉજવાયેલ.

મુંબઈ તેમજ દેસાવરથી પધારેલા સર્વે પરિવારો તેમજ આ મહોત્સવમાં સહયોગી લાભાર્થી પરિવારોની શ્રી ગોએરસમા બારોઇ મહાજન અનુમોદના કરે છે.

લી. શ્રી ગોએરસમા બારોઇ મહાજન અને ટ્રસ્ટ



॥ ડૉંબિવલીના રાજરાજેશ્વર શ્રી સુવિધિ - શ્રી જીરાવલ્લા-મુનિસુવ્રત-સીમંધરસ્વામિને નમઃ ॥

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડૉંબિવલી

સંઘપ્રેરક : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**આવી નવપદની શાશ્વતી આયંબીલની ઓળી, કરીએ કર્મની હોળી...**

શુભ નિશ્રા : અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ.સા. શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી તીર્થેશગુણાશ્રીજી મ.સા.

**ઓળી પ્રારંભ : ચૈત્ર સુદ ૭, તા. ૨૮-૩-૨૦૨૩, મંગળવાર** | **પારણા : ચૈત્ર વદ ૧, તા. ૬-૪-૨૦૨૩, ગુરુવાર**



માતુશ્રી પુરબાઈ ખીમજી ભુલાભાઈ વીરા (દેવપુર) કાયમી આયંબીલ ખાતું
## સંવત ૨૦૭૯ ચૈત્ર માસની ઓળીના સહયોગી દાતા



| શ્રી સુવિધિનાથ જિનાલયે ઓળીના લાભાર્થીઓ | પાવનકારી દિન | શ્રી મુનિસુવ્રત જિનાલયે ઓળીના લાભાર્થીઓ |
|---|---|---|
| ૧) માતુશ્રી જવેરબેન પ્રેમચંદ ગાલા (કોડાય)<br>૨) શ્રીમતી ભાવિકા મેહુલ વિકમાણી (કોટડા રોહા)<br>૩) માતુશ્રી કંચનબેન વિજય દેવજી દેઢિયા હ. આગમ/મોક્ષા- ગઢશીશા | ચૈત્ર સુદ ૭<br>મંગળવાર,<br>તા. ૨૮-૩-૨૩ | માતુશ્રી સુંદરબેન દામજી લાપસીયા (કોડાય)<br>હસ્તે નરેશ - મહેશ લાપસીયા |
| ૧) શ્રીમતી દમયંતીબેન હેમરાજ પાસડ (દેઢિઆ)<br>૨) શ્રી મહેન્દ્ર તલકશી ગડા (શેરડી) હસ્તે નેહા, વિરલ<br>૩) છોટુસીંગ હા. સોસાયટીના રહેવાસીઓ | ચૈત્ર સુદ ૮<br>બુધવાર<br>તા. ૨૯-૩-૨૩ | શ્રીમતી ઉષાબેન હીરાચંદ મોતા (કુઆપધર) |
| ૧) જય હસમુખ ગડા (સાભરાઈ) હસ્તે પ્રિતી હસમુખ ગડા<br>૨) શ્રીમતી સરલા હીતેશ ખેરાજ ગાલા (શેરડી) | ચૈત્ર સુદ ૯<br>ગુરૂવાર<br>તા. ૩૦-૩-૨૩ | શ્રીમતી ઈશા દિલીપ નાગડા અને શ્રીમતી સીતા રમેશ ચોરસીયા (નરેડી)<br>હસ્તે જીયા - મૈત્રી - આદિત્ય |
| ૧) શ્રી જૈનમ્ અનિતા હીતેશ ગાલા (કોટડા રોહા)<br>૨) એક સદગૃહસ્થ પરિવાર (ડૉંબિવલી) | ચૈત્ર સુદ ૧૦<br>શુક્રવાર<br>તા. ૩૧-૩-૨૩ | માતુશ્રી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી (કોઠારા) |
| ૧) યાત્રા ગ્રુપ (જીયા, દ્રષ્ટીશા, નિરવી, ટીશા, સિધ્ધમ, લીશીતાબેન, પ્રેમીલાબેન)<br>૨) માતુશ્રી ગોરબાઈ વિરજી દેઢિયા (મોથારા) હસ્તે જયેશ દેઢિયા | ચૈત્ર સુદ ૧૧<br>શનિવાર<br>તા. ૧-૪-૨૩ | શ્રી હિશાંત અને અનેરી, દિપ્તી ભાવેશ લોડાયા (કોઠારા) |
| ૧) માતુશ્રી આશાબેન અમૃતલાલ સંગોઈ (સમાઘોઘા)<br>હસ્તે આશી, તીર્થ ભાવિન સંગોઈ | ચૈત્ર સુદ ૧૨<br>રવિવાર<br>તા. ૨-૪-૨૩ | શ્રીમતી પ્રિતિ ગીરીશ મેઘાણી (રંગપુર)<br>ધ્યાન, જિનલ, ગૌરાંગ |
| ૧) શ્રીમતી કેશરબેન લક્ષ્મીચંદ ગડા (રાયધણજાર)<br>૨) માતુશ્રી વેલબાઈ હેમરાજ વિકમાણી (ગઢશીશા) | ચૈત્ર સુદ ૧૩<br>સોમવાર<br>તા. ૩-૪-૨૩ | શ્રીમતી કમળા કિશોર છેડા (નવાવાસ),<br>શ્રીમતી વાસંતી લહેરચંદ ગડા (નાના ભાડિયા) |
| ૧) શ્રી શરદ લાલજી ગાલા (કોટડી મહાદેવપુરી)<br>૨) માતુશ્રી રેખાબેન રમણીકલાલ સંગોઈ (સમાઘોઘા) | ચૈત્ર સુદ ૧૪<br>મંગળવાર<br>તા. ૪-૪-૨૩ | માતુશ્રી મણીબેન ગોવિંદજી લાપસીયા તથા<br>પુષ્પાબેન સોમચંદ ધુલ્લા (દલતુંગી) |
| ૧) શ્રીમતી ભાવિકા મેહુલ વિકમાણી (કોટડા રોહા)<br>૨) માતુશ્રી સુશીલાબેન લક્ષ્મીચંદ હરિયા (દેઢિઆ)<br>૩) શ્રી દક્ષ, ભાવીન શાંતિલાલ દેઢિયા (કોટડી મહાદેવપુરી) | ચૈત્ર સુદ પૂનમ<br>બુધવાર<br>તા. ૫-૪-૨૩ | માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા,<br>કુ. મંજુલાબેન ટોકરશી લોડાયા (કોઠારા) હસ્તે ભાવેશ ટોકરશી લોડાયા |
| **શ્રીમતી ભાવિકા મેહુલ વિકમાણી (કોટડા રોહા)** | આયંબિલ ઓળી પારણાના લાભાર્થી | **લહેરચંદ ખેતશી મોતા (લાખણીયા)** |

દરરોજ સવારે ૯.૧૫ થી ૧૦.૩૦ કલાકે
શ્રીપાલ મયણા રાસ સાથે નવપદના તત્વસભર પ્રવચનો

સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાકે : સિધ્ધચક્ર આરાધના
બપોરે ૧૧.૪૫ થી ૧.૦૦ કલાકે : આયંબિલ

સંપૂર્ણ ઓળી કરનાર તપસ્વીઓએ પેઢીમાંથી પાસ મેળવી લેવા વિનંતી.
છુટક આયંબિલ કરનાર તપસ્વીઓએ તે દિવસે સવારે ૯.૦૦ વાગ્યા પહેલા નામ લખાવવા વિનંતી.

**આયંબિલની વ્યવસ્થા શ્રી સુવિધિનાથ જિનાલય (ઈસ્ટ) તથા શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલય (વેસ્ટ) મધ્યે રહેશે.**

શ્રી સુવિધિનાથ જિનાલય
મોબાઈલ : 8422900992

લિ. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડૉંબિવલી

શ્રી મુનિસુવ્રત જિનાલય
મોબાઈલ : 8422900993

BINITA S. MARU

# ભલારાદાદા પહેડીનું આયોજન બેંગ્લોરમાં ધર્મભાવ સાથે થયું





ભલારાદાદા પહેડીનું આયોજન બેંગ્લોરના કચ્છી ભવન મધે ભવ્ય ધર્મભાવ સાથે ઉપસ્થિત સર્વેના આનંદ ઉલ્હાસના સંગાથે સંપન્ન થયું.













# તેરાના શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહા મહોત્સવના અનુષ્ઠાન, ધ્વજા તેમજ નકરાઓના ચડાવા ઉછામણીના અવસરે પધારવાનું આમંત્રણ

અબડાસા પંથકના તેરા તીર્થે બિરાજમાન ચમત્કારિક શ્રી શામળીયા જિનાલયની દ્વિશતાબ્દી મહામહોત્સવ તા.૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના ઉજવવા પ્રસંગે વિવિધ અનુષ્ઠાન, મહામહોત્સવની ધ્વજા, વિવિધ નકરાઓના ચડાવાઓની ઉછામણી સંગે શ્રી તેરા, કુવાપધ્ધર, લાખાણીયા તથા ધુફી ગામ તેમજ નિયાણી પરિવારનું સ્નેહમિલન તા.૩૦ એપ્રિલ રવિવાર સવારના ૮ કલાકથી જૈનમ હોલ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ વેસ્ટ મધે આયોજન કરાયું છે. જેમાં પધારવાનું સહર્ષ આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તેરા અને શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ તેરાના સર્વે ટ્રસ્ટી વતી શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવના પ્રમુખ નરેન્દ્ર શામજી દંડ-૯૦૦૪૩૯૧૪૧૩ તથા કન્વીનર કુમાર બાબુભાઈ દંડ-૯૯૨૦૯૩૫૪૧૪ તરફથી ભાવ સભર નિમંત્રણ અપાયું છે.

મહાચમત્કારી શ્રી શામળિયા જિનાલયના ભવ્ય ભાતીગળ ઈતિહાસના પાના પલટાવીને નિરખીએ તો વિક્રમ સંવત ૧૮૭૮માં યતિ શ્રી ગોરજી હિરાચંદજી તારાચંદજીએ શ્રી શામળીયા પાર્શ્વનાથનું જિનાલય બંધાવીને શ્રી તેરા સંઘને અર્પણ કર્યું. આ સુવર્ણ અવસરને ૨૦૦ વર્ષ (૭૩૦૦૦ દિવસો) પૂર્ણ થતાં સહુના મનમાં આ અવસરની ઉજવણી કરવાના મનોરથ જાગ્યા અને આ સોનેરી ક્ષણોને સાકાર થવાને આડે થોડા મહિના બાકી છે. આ મહામહોત્સવમાં કોણ લાભ લેશે? વિવિધ અનુષ્ઠાનો, કોણ ચડાવશે? કોણ ચડાવશે મહામહોત્સવની ધ્વજા? આવા વિવિધ લાભો જેમાં પુણ્યાનું બંધી પુણ્યનું ભાથું બંધાય છે, કર્મ નિર્જરા થાય છે.

પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞા, આશિષ અને પ્રેરણાથી આ મહા મહોત્સવ ઉજવવા શ્રી તેરા મહાજને નક્કી કર્યું છે.

તા.૩૦ એપ્રિલ રવિવારના ઉછામણીના કાર્યક્રમની રૂપરેખામાં સવારના ૮ થી ૯ નવકારશી, ૯ વાગ્યાથી નવકાર મંત્ર પઠન, ગુરૂ ભગવંતોને વંદન, તેમના દ્વારા માંગલિક, પ્રાસંગિક ઉદ્‌બોધન અને નરેન્દ્રભાઈ નંદુ અને બંધુ ત્રિપુટી દ્વારા સંગીતના સથવારે ઉછામણીઓ, નકરાઓ લેવામાં આવશે. ત્યારબાદ બપોરનું સ્વામી વાત્સલ્ય, બપોરે ૨ કલાકેથી રાસ-ગરબા, મટુકડી રમાડવામાં આવશે. (સર્વેને તે પ્રમાણે વસ્ત્રો પરિધાન કરીને પધારવા વિનંતી.)

આ પાવન પ્રસંગને આપણે પોતાનો સમજીને મેરા ગામ-તેરાના શબ્દોને સાર્થક કરવા વૈશાખ સુદ ૧૧ જૈન શાસન સ્થાપના દિવસ તા.૩૦ એપ્રિલ રવિવારના સહ પરિવાર પધારી તન, મન, ધનથી લાભ લેવા આયોજકો દ્વારા વિનંતી કરાઈ છે.

ઉછામણીના કાર્યક્રમ દરમ્યાન સ્વયંસેવક/વોલીન્ટર માટે નામ નોંધાવશોજી.

ઉછામણી/નકરાની વિગત સાધારણ દ્રવ્યની ઉછામણી/નકરા

મહામહોત્સવના મહેતાજી, મહામહોત્સવ આમંત્રણ પત્રિકામાં લિખિતંગ, મહામહોત્સવની વારાણસી નગરીના દાતાશ્રી, મહામહોત્સવના ભરત ચક્રવર્તી ભોજન ખંડના દાતાશ્રી, શ્રમણ શ્રમણી આવાસના દાતાશ્રી, શ્રમણ શ્રમણી વૈયાવચ્ચના દાતાશ્રી, ચા-કોફી, ઉકાળાના કાઉન્ટરના દાતાશ્રી, છાશ કાઉન્ટરના દાતાશ્રી, તેરા મહાજન વતીથી સર્વે ભાગ્યશાળી દાતાઓ પરિવારોનું બહુમાન કરનાર પુણ્યશાળી, પાંચ દિવસ સાધર્મિક ભક્તિ યોજના રૂા.૨૭ હજારના એક નામ પ્રમાણે (સંયુક્ત યોજના).

દેવદ્રવ્યની ઉછામણી ચડાવા નકરા

કુંભ સ્થાપના લાભ લેનાર વ્યક્તિઓની સંખ્યા ૪, અખંડ દિપક સ્થાપના લાભ લેનાર વ્યક્તિ ૨, જવારારોપણ (૪ લાખ), ૪ કુંવારી દીકરીઓ માટે, નવગ્રહ પાટલા પૂજન કુલ્લ ૧૫/૧૮ જણ (૨ વ્યક્તિ સ્થિર), દશ દિક્પાલ પૂજન એક સજોડો+૧૮/૨૦ જણ, અષ્ટ મંગલ પાટલા પૂજન ૮ જણ, ક્ષેત્રપાલ પૂજન ૨ શ્રાવક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ૨૭ × ૪ = ૧૦૮ નકરા રૂા.૨૭૦૦ દરેકના (કુલ્લ નકરા ૨૭) દરેક પૂજનમાં ૪/૫ વ્યક્તિ, લઘુશાંતિ સ્નાત્ર પૂજન ૨૭×૨=૫૪ નકરા રૂા.૨૭૦૦ દરેકના (કુલ્લ ૨૭ નકરા), દરકે પૂજનમાં ૪/૫ વ્યક્તિ મહા મહોત્સવ ધ્વજા ચડાવા (ત્રણ ચડાવા), કુમારપાળ રાજા દ્વારા આરતીના ભાગ્યશાળી પરિવાર, દ્વાર ઉદ્‌ઘાટન (મુખ્ય ૫ ચડાવા) ગર્ભગૃહ/રંગમંડપ.

# તેરાના શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહા મહોત્સવના અનુષ્ઠાન, ધ્વજા તેમજ નકરાઓના ચડાવા ઉછામણીના અવસરે પધારવાનું આમંત્રણ

અઢાર અભિષેકના નકરાઓ

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય ગર્ભગૃહ/રંગમંડપ દરેક અભિષેકના નકરા રૂા.૨૭૦૦, શ્રી શામલીયા પાર્શ્વનાથ જિનાલય ગર્ભગૃહ/રંગમંડપ દરેક અભિષેકના નકરા રૂા.૨૭૦૦, શ્રી સહસ્ત્ર કુટ જિનાલય (ચાર શાશ્વત જિન પ્રતિમાજી) સાથે રાયણ પગલા રૂા.૧૩૦૦, ૬ દેરીઓ રૂા.૧૩૦૦, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય ઉપર પ્રથમ માળે, શ્રી કલ્યાણ સાગરસૂરિશ્વરજી મ.સા.ની દેરી અને ત્રિગડા મધે બિરાજમાન શ્રી શાંતીનાથ દાદા અને સિધ્ધચક્ર મહારાજ રૂા.૧૩૦૦, શ્રી પુંડરીક સ્વામી, શ્રી ગૌતમ સ્વામી, શ્રી મહાકાળી માતાજી અને શ્રી ચક્રેશ્વરી દેવી દરેક અભિષેકના નકરા રૂા.૧૩૦૦.

આ જાહેરાત બાદ સર્વે નકરાઓ મટે વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક ગિરીશભાઈ-૯૪૨૬૨૬૫૨૩૨. સંજોગો અનુસાર ઉપરોક્ત ચડાવા/નકરાઓમાં ફેરફાર થઈ શકે છે. વધુ વિગત ચડાવા સમયે.

૧) દેવદ્રવ્યની ઉછામણી અને નકરા માટે

SHRI JIRAVALLA PARSHWANATHJI JAIN DERASAR TRUST, Bank : STATE BANK OF INDIA, NALIYA BRANCH A/C No. : 10933790129, IFSC No. : SBIN0000438

૨) સાધારણ દ્રવ્યની ઉછામણી નકરા માટે

SHRI KACHCHHI DASA OSWAL JAIN MAHAJAN SARVAJANIK TRUST, Bank : STATE BANK OF INDIA, NALIYA BRANCH A/C No. : 10933790254, IFSC No.: SBIN0000438.

# શ્રી કે.ડી.ઓ.સ્ટુડન્ટ એસોસિએશનના ટર્મ વર્ષ ૨૦૨૩-૨૫ના નવનિયુક્ત પદાધિકારીઓ



શ્રી કચ્છી દશા ઓસવાલ સ્ટુડન્ટ એસોસિએશન નવી ટર્મ ૨૦૨૩-૨૫ માટેની મેનેજીંગ કમિટીના પદાધિકારીઓની સર્વસંમતિતી વરણી તા.૨૦ માર્ચ સોમવારના ઈલેક્શન કમિશનર ચાંદની (અલ્પા) પરેશ લાલકાની ઉપસ્થિતિમાં અને તેમની મંજૂરી સાથે શાંતિપૂર્વક જાહેર કરાઈ. નોમિની મેમ્બર અનૂજ ગિરીશ લોડાયા, ઉર્મિન જયેશ શાહ તથા વર્ષ ૨૧-૨૩ના પ્રેસિડન્ટ મીત સંજય મૈશેરી હતા.

મેનેજીંગ કમિટીના નવા ચૂંટાયેલા મેમ્બરમાં ઉજ્વલ પીયૂષ લોડાયા, ચિરાગ પ્રકાશ લોડાયા (શાહ), રોનક નરેન્દ્ર લાપસીયા, કાજલ દિલેશ ધ્રોળ, ઉમંગ મનિષ લોડાયા, મોહિત અનિલ લાપસીયા, પારસ મયૂર ધરમશી, દીપ નિમેષ મોતા, મહેક મેહુલ મોતા, લેડીઝ અનામત સીટમાં અનોખી અજયકુમાર ધુલ્લા અને મોક્ષા પીયૂષ લોડાયાની વરણી કરાઈ હતી.

# કોઠારા જૈન મિત્ર મંડળ ૭૫ વર્ષ પૂરા કરતાં અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે





અબડાસા તાલુકાનાં શ્રી કોઠારા જૈન મિત્ર મંડળે ૭૫ વર્ષની મંજિલ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરતાં કોઠારા અને મુંબઇ મધ્યે અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.



અમૃત મહોત્સવ પ્રસંગે તા. ૨-૪-૨૦૨૩ રવિવાર રાત્રે ૯ કલાકે કોઠારા ગામે પખાવાજનું આયોજન કરવામાં આવેલ છે. કચ્છી દશા ઓશવાળ સમાજની પ્રચલિત અને સુપ્રસિદ્ધ પખાવાજ વર્ષો પછી આજે પણ જીવીત છે. પખાવાજનાં અને જુના સ્તવનો ગાનાર આજે પણ મોજુદ છે. સમાજે વર્ષો જૂની પરંપરાને ચાલુ રાખી આજે પણ પખાવાજનું આયોજન ચાલુ રાખ્યું છે. ઐતિહાસિક પખાવાજ નિહાળવા અને સાંભળવા સમાજવાસીઓ ઉમટી પડે છે. ગાંધીધામની મહિલાઓએ પણ આ ક્ષેત્રે પખાવાજનાં સ્તવનો ગાવાનું શરૂ કરેલ છે.

કોઠારા ગામે યોજાનાર પખાવાજમાં વિવિધ ગામો શહેરોના મંડળો જોડાશે. જયારે આ અસલી જૂની પખાવાજ જોવા જ્ઞાતિજનો પણ ઉમટશે. અબડાસાની પ્રચલિત પખાવાજ પર્યુષણ સમયે પ્રભુજીનાં વરઘોડામાં જોવા મળે છે. વડોદરા, અમદાવાદ, ગાંધીધામ જેવા શહેરોમાં આજે પણ પખાવાજનાં ગાયકો મોજુદ છે. જે સુંદર ગાયકી કરી સૌના દિલ જીતે છે.

# સાંધવ નગરે નવપદજીની આંયબીલની ઓળીની થશે અનોખી આરાધના

અબડાસા તાલુકાના સાંધવ ગામે પ.પૂ.સાધ્વી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી ઋતુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી સાંધવ તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ આયોજીત ચૈત્ર માસની નવપદજીની શાશ્વત ઓળીનો સંપૂર્ણ લાભ દાતાશ્રી સંઘવી ભાગચંદભાઇ દામજી જૈન ધરમશીં કોઠારા-મુલુન્ડ પરિવારે લીધેલ છે.

તા. ૨૭-૩ ના અતરપારણા, તા. ૨૮ આંયબીલ ઓળીનો પ્રારંભ, તા. ૫-૪ નાં ઓળી પુર્ણાહુતિ તથા તા. ૬-૪ નાં પારણાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિશાળ સંખ્યામાં આરાધકો જોડાયા છે. શાંતિનાથ પ્રભુજીની છત્રછાયામાં આંયબીલ ઓળી ધાર્મિક પ્રસંગની અનેરી ઉજવણી કરવામાં આવશે. કાર્યને સફળ બનાવવા મહાજનશ્રી, ટ્રસ્ટીગણ, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ- મુંબઇ તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## ક.દ.ઓ. જૈન સમાજના આશાસ્પદ સમાજસેવકના મૃત્યુ પછી ચક્ષુદાન-દેહદાન કરાયા



મુળ ગામ કોઠારા હાલે માંડવી અને વર્ષોથી અમદાવાદ શહેરને પોતાની કર્મભૂમિ બનાવનાર લહેરચંદ પુનશીં મૈશેરી કચ્છથી અમદાવાદ જતા અનેક દર્દીઓને હોસ્પીટલોમાં ખૂબ જ મદદરૂપ બનતા. તેમજ બ્લડ ડોનેટ કરી અનેક દર્દીઓને ઉપયોગી બની રહેતા. અમદાવાદ સમગ્ર જૈન સમાજનાં લોકોને પણ મદદરૂપ બનતા. કોઇને મદદની જરૂરત હોય ત્યારે પોતાનાં બધા કાર્ય એક બાજુ મૂકી મદદ માટે પહોંચી જતા. સમગ્ર જીવન માનવસેવામાં વિતાવ્યું અને મૃત્યુબાદ પણ તેમનાં પરિવારજનોએ તેમનાં સેવાકીય કાર્યોને ચક્ષુદાન અને દેહદાન આપી દીપાવ્યું. કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ, અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ જેવી સંસ્થાઓ સાથે રહી સંસ્થા અને સમાજ પ્રત્યે પોતાનું કર્તવ્ય નિભાવ્યું. લહેરચંદ પુનશીં માણેકજી મૈશેરી માંડવીનાં શ્રી અજીતનાથજી જૈન દેરાસર તથા શ્રી માંડવી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાથે પણ વર્ષોથી જોડાયેલા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હીરાબાઈ લોડાયા**
તા.૧૮ માર્ચ (ઉ.૭૮)
મંજલ રેલડીયા-ભાંડુપ



**લહેરચંદ મૈશેરી**
તા.૧૯ માર્ચ (ઉ.૬૬)
માંડવી-અમદાવાદ




**મંજુલાબેન ખોના**
તા.૧૯ માર્ચ (ઉ.૬૬)
ખાવડી મોટી-ડોંબિવલી (પ)



**વનિતા લુઠીયા**
તા.૨૧ માર્ચ (ઉ.૮૯)
રાયધણજર-ભાંડુપ (પ)



**લતાબેન વિક્રમશી**
તા.૨૨ માર્ચ (ઉ.૬૦)
વારાપધ્ધર-ડોંબિવલી



**જયાબેન લાલકા**
તા.૨૨ માર્ચ (ઉ.૮૦)
બાંઢીયા-મુલુંડ (પ)



**લીના ખોના**
તા.૨૪ માર્ચ (ઉ.૭૫)
જખૌ-હૈદ્રાબાદ



**લક્ષ્મીચંદ ધરમશી**
તા.૨૪ માર્ચ (ઉ.૬૫)
સુથરી-લોકાપુર



**ઝમકુબાઈ ધરમશી**
તા.૨૪ માર્ચ (ઉ.૯૦)
ખાવડી મોટી-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● ભચાઉ તાલુકાના મનફરા ગામે શાંતિ નિકેતન ખાતે ચાલતા વાસુપૂજ્ય જિનાલય વાર્ષિક પાટોત્સવ પ્રસંગે આતંકવાદ વિરોધી સંગઠનના ચેરમેન મનીન્દર સિંઘ બીટ્ટાએ ઉપસ્થિત રહી સંબોધન કરતાં જણાવ્યું હતું કે જૈન સમાજ બંદૂક ન ઉઠાવી શકે કે સૈન્યમાં ન હોય પરંતુ રાષ્ટ્ર કલ્યાણ જીવદયા અને તેમનું જીવન દર્શન સર્વેકારી હિતકારી રહ્યાં છે. રાષ્ટ્રની આફત કાળમાંજૈન સમાજના સેવા કાર્યો ભૂલી શકાય નહીં તે પ્રકારના હોય છે. રાષ્ટ્ર પ્રેમ માટે જૈનોનું યોગદાન અનોખું હોવાનો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.

● મેગ્સેસે એવોર્ડથી સન્માનિત પદ્મશ્રી ડૉ.પ્રકાશભાઈ આમ્ટે અને તેમના પત્ની ડૉ. મંદાકિનીબેન આમ્ટે ભુજના અને કચ્છ જિલ્લામાં સેવાકીય ક્ષેત્રે અનોખી નામના ધરાવતી સંસ્થા કવીઓ જૈન મહાજનની મુલાકાતે આવ્યા ત્યારે સંસ્થા પ્રમુખ જિગર તારાચંદભાઈ છેડાએ ડૉ.દંપતીનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તેમને અનશન વ્રતધારી સમાજરત્ન તારાચંદભાઈ દ્વારા સંસ્થા મારફત ચાલુ કરેલ વિવિધ સેવાકીય કાર્યોની વિગતવાર માહિતી આપી હતી. સંસ્થા દ્વારા કરવામાં આવતા સેવાકીય કાર્યોથી ડૉ.આમ્ટે દંપતિ પ્રભાવિત થયું હતું. એમણે કચ્છના લોકો દ્વારા મળેલા પ્રેમ, સહકાર બદ્દલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

● રાપર તાલુકાના ગાગોદર ખાતે આવેલી શ્રી રામ ગૌશાળામાં દાતાના સહયોગથી ઓપરેશન થિયેટર બનાવવામાં આવશે. જેથી સંપૂર્ણ સારવાર સ્થાનિકે જ મળી રહે. જીવદયા પ્રેમી લખમશી રાઘવજીભાઈ ગાલાએ તાજેતરમાં ગૌશાળાની મુલાકાત લીધી હતી. તેમના નાનાભાઈ સ્વ.શાંતિલાલ રાઘવજી ગાલાની ગૌશાળામાં ઓપરેશન થિયેટર બને તેવી ઈચ્છા હતી. નાનાભાઈની આ ઈચ્છા પૂરી કરવા માટે દાતા પરિવારએ ત્રણ લાખ ફાળવ્યા છે. ઓપરેશન માટે રૂમ તુરંત તૈયાર થઈ જશે એટલે પરિવારના સભ્યો દ્વારા લોકાપર્ણ કરવામાં આવશે. આ ગૌશાળામાં માત્ર બીમાર ગાયોની સેવા કરાય છે. ૮૫ થી ૯૦ ગાયો ગૌશાળામાં છે. આ સુવિધાથી બીમાર ગૌવંશને તાત્કાલિક જરૂરી સારવાર પુરી પાડી શકાશે.

● ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે કચ્છ જિલ્લામાં ત્રણ ધન્વંતરિ આરોગ્ય રથની ફાળવણી કરવામાં આવી છે. જેને જિલ્લા સેવા સદન ખાતે કચ્છના સાંસદ વિનોદ ચાવડા ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા કલેકટર દિલીપ રાણાએ લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. કચ્છ જિલ્લામાં ત્રણ ધન્વંતરિ રથ કાર્યરત હતા. તેની સાથે બીજા ત્રણ ધન્વંતરિ આરોગ્ય રથમાં બાંધકામ શ્રમિકોની નોંધણી, બાંધકામ સાઈટ, કડિયા નાકા અને શ્રમિકોની વિનામૂલ્યે બાંધકામ શ્રમિક તરીકે નોંધણી કરી ઈ-નિર્માણ કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા થશે.

● પથ્થરોની વૈવિધ્યતા ધરાવતો અને દરિયાકાંઠાથી ઘેરાયેલો કચ્છ પ્રદેશએ ભૂસ્તર શાસ્ત્ર અને જળ સંશોધનની લેબોરેટરી છે એવું કચ્છ યુનિવર્સિટી ખાતે આયોજીત ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમના આરંભે વરિષ્ઠ વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ખાસ કરીને કચ્છમાં ડુંગરાળ પ્રદેશોની વૈવિધ્યતા એવી છે કે તે સંશોધકો માટે લેબોરેટરી જેવી છે. સૂકા પ્રદેશ કચ્છમાં પાણી શોધવું, મેળવું, બચાવવું અને ભવિષ્યમાં મુશ્કેલી ન પડે તેવું આયોજન ગોઠવવું એ પડકાર રૂપ પણ છે. યુનિવર્સિટીમાં વ્યવહારિક રીતે કુવાબોર પહેલાં થતી પાણી શોધની પ્રક્રિયાનું નિર્દેશન કરાયું હતું.

● આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દરેક જિલ્લામાં ૭૫ તળાવના નિર્માણની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી અપીલને લઈને ગુજરાતનયા જાણીતા લોક કલાકાર દેવરાજ ગઢવી નાનો ડેરોએ ચારણ બાહુલ્યવાળા ગામોમાં સોનલ સરોવરનું નિર્માણ કરવા કરેલાં પ્રેરક આહવાનને ભારે પ્રતિસાદ સાંપડ્યો છે. ચારણ ગઢવી સમાજના આરાધ્ય આઈ સોનલ માતાજીનું જન્મ શતાબ્દી વર્ષ ઊજવાઈ રહ્યું છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)